# બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# યશાયા ભવિષ્ય જુએ છ



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Jonathan Hay

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

અનુકૂલન : Mary-Anne S.

60 વાર્તા 27

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*

*પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.*

ગુજરાતી

Gujarati

યશાયા એક પ્રબોધક હતો. તેનું કામ એ હતું કે ઈશ્વર તેને જે કાંઈ જણાવે તે લોકો સુધી પહોંચાડવાનું. પણ હંમેશા લોકોને ઈશ્વરના વચન સાંભળવાનું ગમતું ન હતું.




1

પણ તેણે ઈશ્વરને નીચે પડવા ન દીધો. યશાયાહે ચાર અલગ અલગ રાજાઓના રાજ્યકાળ દરમ્યાન પ્રચાર કર્યો.




2


ઉઝ્ઝીયાહ રાજાએ યહૂદીયા દેશના યરૂશાલેમ શહેરમાં રાજ્ય કર્યું. પ્રથમ તો ઈશ્વરે ઉઝ્ઝીયાહને આશીર્વાદ આપ્યો કારણ કે તેણે ઈશ્વરની દૃષ્ટિમાં જે સારું હતું તે કર્યું. પણ તે અભિમાની બની ગયો અને ઈશ્વરને આધિન થવાનું બંધ કર્યું. તે કોઢિયો બની ગયો તેથી તે મરી ગયો ત્યાં સુધી તેને એકલું રહેવું પડ્યું.
3


ઉઝ્ઝિયાહ રાજાએ ૬૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. તે મૃત્યુ પામ્યો ત્યારે તેના દીકરા યોથામે તેની જગ્યા પર સત્તર વર્ષ સુધી રાજ્ય કર્યું. ઈશ્વરે યોથામને આશીર્વાદીત કર્યો. કારણ કે તેણે યશાયા તથા બીજા પ્રબોધકો દ્વારા જે કહેવામાં આવ્યું તે ધ્યાનથી સાંભળ્યું.
ZZIAH
4


યોથામ રાજાનો દિકરો આહાઝ હતો. આહાઝ જ્યારે વિસ વર્ષનો હતો ત્યારે તેણે રાજ્ય કરવાની શરૂઆત કરી. તેણે યરૂશાલેમમાં સોળ વર્ષ રાજ્ય કર્યું. આહાઝે ઈશ્વર તરફ ધ્યાન આપ્યું નહીં. તેણે મૂર્તિઓ તથા જૂઠા દેવોની ઉપાસના કરી, તેણે ઈશ્વરના લોકોને તેવું કરવા માટે પ્રેરણા આપી. યશાયા દ્વારા તેને ચેતવણી આપવામાં આવી પણ આહાઝે સાંભળ્યું નહી. જ્યારે તે મૃત્યુ પામ્યો ત્યારે તે ફક્ત પાંત્રીસ વર્ષનો હતો.
5


તે પછીના રાજા હિઝકીયાને ઈશ્વરે આશીર્વાદ દીધો. કારણ કે તેણે બધી મૂર્તિઓ અને જૂઠઆ દેવોને દૂર કરીને સાચા ઈશ્વરને પ્રાર્થના કરી. જ્યારે દુશ્મનોએ યહુદા પર હુમલો કર્યો ત્યારે તેને ખબર હતી કે સામનો કરવા માટે તેનું સૈન્ય ખૂબ જ નબળું હતું. તેણે વિનંતી કરી કે તે ઈશ્વરની સહાય માટે પ્રાર્થના કરે.
6


યશાયાહે રાજાને સંદેશો મોકલાવ્યો. “યહોવા દેવ આ પ્રમાણે કહે છે, તારા દુશ્મનથી ડરીશ નહીં ... હું એવું કરીશ કે તે પછડાઈ પડશે.” થોડા જ સમયમાં ઈશ્વરે દુશ્મનના સૈન્યને એવી સ્થિતિમાં મૂકી દીધું કે લડાઈ કર્યા વગર પાછું જતું રહ્યું.
7


તે દિવસોમાં લોકોએ ઈશ્વર વિશે ઘણુ વિચાર્યું નહી પણ યશાયાએ ઈશ્વર તરફ ખૂબ જ ધ્યાન આપ્યું.
એક દિવેસે તેને દર્શન થયું. જ્યારે દર્શન થાય છે ત્યારે એ સ્વપ્ન સમાન હોય છે. પણ તે સમયે વ્યક્તિ ઉંઘમા હોતો નથી. તેણે દર્શનમાં જોયું કે યહોવા દેવ કેટલો પવિત્ર અને કરૂણામય છે.
8


“હું કોને મોકલું ?” ઈશ્વરે દર્શનમાં જણાવ્યું. “હું અહી છું મને મોકલ.” યશાયાએ જવાબ આપ્યો. ઈશ્વરે જે કાંઈ કહ્યુ તે કરવા માટે તથા જ્યાં મોકલે ત્યાં જવા માટે યશાયા તૈયાર હતો.
9


કદાચ યશાયાએ વિચાર્યું હશે કે ઈશ્વર મને દૂર જગ્યાએ મોકલવા માંગતા હશે કે જ્યાં લોકોએ ઈશ્વર વિષે સાંભળ્યુ નહી હોય. પણ ના, ઈશ્વરે એવું ન કર્યું.
10


ઈશ્વરે તેને તેના જ દેશમાં તેના પોતાના લોકોને સંદેશો આપવાનું કહ્યું. તેણે લોકોને કહેવાનું હતુંકે ઈશ્વર તમારા પાપને કારણે ગુસ્સે ભરાયા છે.
11


બીજી ઘણી બાબતો યશાયાએ તે નવા લોકને કહેવાની હતી. એક વ્યક્તિ વિશેની અદ્ભૂત વાતો. જેમ કે તે વ્યક્તિ એક મહાન ઉદ્ધારક હશે અને લોકોને તેમના પાપમાંથી તથા તેમના શત્રુઓના હાથમાંથી છોડાવશે.
12


યહૂદી લોકો આ વ્યક્તિને “મસીહ” કહેતા હતા. જો કે તેઓએ ઈશ્વર દ્વારા મસીહ આવવાની આશા રાખતા હતા, પણ ઘણા લોકો જાણે કે તે કદી આવવાના જ નહોય તેવું જીવન જીવાત હતા.
13


યશાયાએ જે જે બાબતો મસીહ વિશે કહી તે આ પુસ્તકમાં લખવામાં આવી છે. જો કે આ બધી બાબતો યશાયાએ પણ વર્ષો પહેલા કહી હતી. પણ તે બધી ખરેખર થનાર હતી.
14

યશાયાહે કહ્યું કે ઈશ્વર મને ચિહ્ન આપનાર છે. તેણે કહ્યું, “જુઓ કુંવારી ગર્ભવતી થશે,





તેને દીકરો જન્મશે અને તે તેનું નામ ઈમાનુએલ પાડશે.” લોકો જાણતા હતા કે યશાયા એક એવી વાત કરી છે કે ઈશ્વરનો મસીહા હશે. કારણ કે એ વાત શક્ય ન હતી કે સ્ત્રી કુંવારી રહીને તેને બાળક થઈ શકે. સાથે સાથે ઈમાનુએલનો અર્થ દેવ આપણી સાથે છે.એવો થાય છે.

15



આપણી મધ્યે બાળક જન્મ્યું છે અને આપણને દીકરો આપવામાં આવ્યો છે, અને તેની ખાંધ પર અધિકાર મૂકવામાં આવશે. અને તેનું નામ અદ્‌ભૂત મંત્રી, સામર્થ્યવાન ઈશ્વર, અનંતકાલિક પિતા, શાંતિનો સરદાર આપવામાં આવશે. યશાયાને એટલું બધું ચોક્કસ હતું કે ઈશ્વરન સાચા ઠરનાર છે અને તે એવી રીતે બોલ્યો જે ખરેખર થઈ ચૂક્યું હતું. જેને ભવિષ્યવાણી કહેવામાં આવે છે.

16

યશાયાએ જણાવ્યું કે મસીહ મહાન હશે અને અદ્‌ભૂત કામ કરશે. ઈશ્વરે યશાયાને તે પણ કહ્યું કે, તે લોકોને જણાવે કે મસીહને દુઃખ સહન કરશે અને તેને મારી નાંખવામાં આવશે. યશાયા કદાચ નિરાશામાં પડી ગયો હશે કે એ કેવો મસીહા હશે કે જે મહાન અને સામર્થ્યવાન સાથે નબળો અને ઘવાયેલો. પણ યશાયાએ ઈશ્વર સાથે દલીલ કરી નહીં. ઈશ્વરે જે સંદેશો તેને આપ્યો તે તેણે લોકોની આગળ જણાવ્યો. ઈશ્વર તેની ભવિષ્યવાણી પૂરી કરનાર હતા.



17

મસીહ આવી રહ્યાં હતા - ફક્ત યહૂદી લોકો માટે નહીં, પણ સર્વ લોકો માટે યશાયાહને ઈશ્વરે જણાવ્યું કે મસીહ “વિદેશી લોકો માટે અજવાળારૂપ થશે.” વિદેશી લોકો એટલે કે દુનિયાના સર્વ લોકો જેઓ યહૂદી નથી. ઈશ્વર દરેક લોકો પર પ્રેમ રાખે છે અને તેમનો મસીહા આવીને દરેક ને આશીર્વાદ આપવાનો છે, અને દુનિયાના દરેક લોકો માટે ઉદ્ધાર લાવવાનો છે.



18

યશાયા ભવિષ્ય જુએ છ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

યશાયા ૧, ૬, ૭, ૯, ૫૩

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે, હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે : વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો, જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું. તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.